# નૂહની કથા
## ફાધર વર્ગીસ પોલ

**પૃથ્વી** પરનાં તમામ જીવજંતુઓથી માંડી માણસો સુધ્ધાંનો સર્વનાશ કરનાર એક ભયંકર જળપ્રલયની વાત દુનિયાના વિવિધ આદિજાતિના લોકસાહિત્યમાં જોવા મળે છે. બાઇબલમાં આવતી નૂહ અને જળપ્રલયની વાત બાબિલોનના મહાકાવ્ય 'ગિલગમેશ' સાથે ઘણું સામ્ય ધરાવે છે.

મહાકાવ્ય 'ગિલગમેશ' ઇસ્વીસન પૂવેર્ સાતમી સદીમાં લખાયું છે, પરંતુ પુરાતત્ત્વના કેટલાક વિદ્વાનો માને છે કે માટીના પાટિયા પર લખાયેલું આ મહાકાવ્ય કોઇ પ્રાચીન કૃતિની નકલ છે. શકય છે કે બાબિલોનના 'ગિલગમેશ' મહાકાવ્યના મૂળમાં ઇસ્વીસન પૂવેર્ ત્રીજી સહસ્ત્રાબ્દીમાં મેસેપોટિમયામાં થયેલો મહા જળપ્રલય હશે.

બાઇબલમાં આવતી નૂહ અને જળપ્રલયની વાત ખૂબ સુંદર અને રસપ્રદ છે. બાઇબલના જળપ્રલયની વાતમાંથી અનેક પેઢીઓનાં બાળકો માટે દંતકથાઓ અને રમકડાંઓ મળ્યાં છે. વહાણનું મોટું રમકડું હોય તો એને નૂહના વહાણ તરીકે બાળકોને સમજાવવામાં આવે છે અને એમને નૂહ અને જળપ્રલયની વાત કહેવામાં આવે છે.

બાઇબલ કહે છે તેમ, નૂહની કથા આ પ્રમાણે છે : નૂહ ધર્મને માગેર્ ચાલનાર માણસ હતો. તે એના જમાનાનો એકમાત્ર સાધુપુરુષ હતો; તે ઇશ્વરના સાન્નિધ્યમાં રહેતો હતો. તેને ત્રણ પુત્રો હતા : શેમ, હામ અને યાફેથ.

બાઇબલના પંડિતોના મત મુજબ નૂહ ઇસવીસન પૂવેર્ ૨૦૦૦ની આસપાસ જીવતો હતો. આ પંડિતો નૂહને આદિમાનવ આદમ પછીની દસમી પેઢીનો માણસ ગણે છે.

નૂહના જમાના વિશે બાઇબલ નોંધે છે કે, "હવે પૃથ્વી ઇશ્વરની નજરમાં દુરાચારી બની ગઇ હતી અને હિંસાથી ભરેલી હતી. ઇશ્વરે પૃથ્વી તરફ જોયું તો તે દુરાચારી માલૂમ પડી, કારણ, પૃથ્વી ઉપરનાં બધાં માણસોએ દુરાચારનો માર્ગ ગ્રહણ કયોર્ હતો. ઇશ્વર પ્રભુએ જોયું કે પૃથ્વી ઉપર માણસની દુષ્ટતા ઘ ણી વધી ગઇ છે અને તેના અંતરની બધી વૃત્તિઓ સતત દુષ્ટ જ હોય છે. ત્યારે પૃથ્વી ઉપર માણસને ઉત્પન્ન કરવા માટે તેને પસ્તાવો થયો અને તેના અંતરને ઘણું દુ:ખ થયું."

એટલે ઇશ્વરે નૂહને કહ્ું, "મેં બધાં માણસોનો અંત લાવવાનો નિશ્ચય કયોર્ છે, કારણ, તેમને લીધે પૃથ્વી હિંસાથી ભરાઇ ગઇ છે. હું તેમનો અને પૃથ્વીનો નાશ કરવાનો છું." પછી ઇશ્વરે નૂહને વહાણ બનાવીને એમાં નૂહના કુટુંબીજનો સાથે દરેક જાતનાં પ્રાણીઓમાંથી બબ્બેને વહાણમાં લઇ લેવાની આજ્ઞા કરી અને નૂહે એ પ્રમાણે કર્યું. બાઇબલમાં ઇશ્વરની આ આજ્ઞાનું તથા એ આખા પ્રસંગનું ખૂબ જ સુંદર વર્ણન છે.

ઇશ્વરે નૂહને કહ્યું, "તું તારે માટે દેવદારના લાકડાનું એક વહાણ બનાવજે; તેમાં ઓરડીઓ બનાવજે અને અંદરથી અને બહારથી ડામર લગાડજે. વહાણની લંબાઇ ત્રણસો હાથ, પહોળાઇ પચાસ હાથ અને ઊંચાઇ ત્રીસ હાથ રાખજે. વહાણમાં ઉપરથી એક હાથ મૂકીને એક બારી રાખજે અને વહાણની એક બાજુએ બારણું રાખજે; વહાણમાં નીચલો, વચલો અને ઉપલો એમ ત્રણ મજલા રાખજે. હું આકાશ નીચેના બધા જીવોનો નાશ કરવા માટે પૃથ્વી ઉપર જળપ્રલય લાવનાર છું અને પૃથ્વી ઉપર જે કાંઇ છે તે બધું નાશ પામશે. પણ હું તારી સાથે કરાર કરીશ. તું વહાણમાં આવી રહેજે; તારા છોકરાઓ, તારી પત્ની અને તારા છોકરાઓની વહુઓ પણ તારી સાથે આવી રહે. વળી, દરેક જાતનાં પ્રાણીઓમાંથી બબ્બેને તું વહાણમાં લઇ આવજે - એક નરને અને એક માદાને - જેથી તેઓ તારી સાથે જીવતાં રહે. દરેક જાતનાં પંખીઓમાંથી અને દરેક જાતનાં ઢોરોમાંથી અને દરેક જાતના પેટે ચાલનારાઓમાંથી બબ્બે તારી સાથે લઇ આવજે, જેથી તેઓ જીવતાં રહે. વળી, તારી સાથે બધી જાતનો ખોરાક પણ લેજે અને સંઘરી રાખજે. એ તારે અને પ્રાણીઓને ખાવા ચાલશે."

પછી ઇશ્વરના કહ્યા મુજબ નૂહ અને એનું આખું કુટુંબ વહાણમાં ચઢી ગયાં. વળી, ઇશ્વરના આદેશ મુજબ પૃથ્વી ઉપર દરેક પ્રકારના જીવજંતુઓની ઓલાદ કાયમ રહે એ માટે નૂહે પોતાના વહાણમાં

દરેક જીવજંતુનાં એકેક નરમાદાની જોડ લઇ લીધી. જયારે નૂહ, એના કુટુંબીજનો અને જાનવરો તથા પંખીઓમાંથી નર-માદાઓ વહાણમાં ચડી ગયાં ત્યાર બાદ પ્રલયનાં પાણી પૃથ્વી ઉપર આવ્યાં.

બાઇબલનું વર્ણન જુઓ : "પાતાળનાં જળરાશિનાં ઝરણાંઓ ફૂટી નીકળ્યાં, આકાશની બારીઓ ખૂલી ગઇ અને ચાલીસ દિવસ અને ચાલીસ રાત સુધી વરસાદ વરસ્યા કર્યો. ચાળીસ દિવસ સુધી પૃથ્વી ઉપર જળપ્રલય ચાલુ રહ્યો, પાણી વધતાં ગયાં અને વહાણ પૃથ્વીથી અધ્ધર ઊંચકાવા લાગ્યું. પાણી ચડતાં જ ગયાં અને ખૂબ વધી ગયાં અને વહાણ

પાણી ઉપર તરવા લાગ્યું. પૃથ્વી ઉપર પાણી એટલાં તો ચડયાં કે આકાશ નીચેના બધા જ ઊંચા પર્વતો ઢંકાઇ ગયા અને પાણી વધીને પર્વતોની ઉપર પંદર હાથ ચડી ગયાં. પૃથ્વી ઉપર ફરનારા બધા જ જીવો - પંખીઓ, ઢોરો, જંગલી પશુઓ, પેટે ચાલનારાં બધાં પ્રાણીઓ અને બધાં માણસો - મરી ગયાં. સૂકી ધરતી ઉપરનો એકેએક જીવ મરી ગયો. માત્ર નૂહ અને તેની સાથે વહાણમાં જેઓ હતાં તેઓ જ બચ્યાં."

જળપ્રલયને અંતે વહાણની અંદર ગયાના એક વર્ષ પછી નૂહ એના કુટુંબીજનો તેમજ સૌ જીવજંતુઓ વહાણની બહાર આવી શક્યાં. ત્યાં નૂહે ઇશ્વર પ્રભુ માટે એક યજ્ઞવેદી બાંધી અને વેદી ઉપર આહુતિ આપી. પછી ઇશ્વરે નૂહ અને એના દીકરાઓ સાથે કરાર કરીને આશીર્વાદ આપ્યા અને કહ્ ું: "સંતતિ પેદા કરો, વંશવેલો વધારો અને પૃથ્વીને ભરી દો."

"ત્યાર પછી ઇશ્વરે નૂહને અને તેના દીકરાઓને કહ્યું, જુઓ હું તમારી સાથે અને તમારા વંશજો સાથે અને તમારી સાથેના બધા જીવો સાથે - પંખીઓ, ઢોરો અને જંગલી પ્રાણીઓ, જેઓ તમારી સાથે વહાણમાંથી બહાર આવ્યાં છે તેબધાંની સાથે - કરાર કરું છું. હું તમારી સાથે એવો કરાર કરું છું કે, હવે કદી પણ બધા જીવોનો જળપ્રલયથી નાશ નહિ થાય અને હવે કદી પણ જળપ્રલય આવીને પૃથ્વીનો નાશ નહિ કરે."

વધુમાં ઇશ્વરે કહ્યું, "તમારી તથા તમારી સાથેના બધા જીવોની સાથે હું જે કરાર કાયમ માટે કરું છું તેની આ એંધાણી છે: હું વાદળમાં મારું ધનુષ મૂકું છું અને તે મારી અને પૃથ્વી વચ્ચે થયેલ કરારની એંધાણી બની રહેશે."

જળપ્રલય પછીના નૂહ વિશે બાઇબલ કહે છે કે નૂહ પોતે ખેડૂત હતો; દ્રાક્ષની વાડી કરનાર તે પ્રથમ હતો. દારૂ પીધા પછી તે છાકટો થયો અને પોતાનાં વસ્ત્ર કાઢી નાખી પોતાના તંબુમાં નિર્વસ્ત્ર હાલતમાં પડયો હતો.

નૂહના દીકરા હામે પોતાના બાપને નવસ્ત્રો જોઇને પોતાના બે ભાઇઓને એની જાણ કરી. શેમ અને યાફેથ એક ચાદર લઇને ખભા ઉપરથી પીઠ પાછળ પકડી પાછલે પગલે ચાલીને નવસ્ત્રા બાપને તે ચાદર ઓઢાડી દીધી. પોતાના બાપને નવસ્ત્રા જોવા ન પડે એટલા માટે શેમ અને યાફેથ મો ં ફેરવીને ગયા હતા.

જ્યારે નૂહનો દારૂ ઊતરી ગયો અને તેના પુત્રોએ તે જ્યારે નશામાં હતો ત્યારે શું કર્યું હતું એની ખબર પડી ત્યારે નૂહે પોતાને નિર્વસ્ત્ર જોનાર હામને શાપ આપ્યો અને પાછલા પગલે ચાલી પોતાને ચાદર ઓઢાડનાર બે દીકરાઓને આશીર્વાદ આપ્યા.

જળપ્રલય પછી નૂહ ત્રણસો પચાસ વર્ષ જીવ્યો અને નવસો પચાસ વર્ષની વયે અવસાન પામ્યો.

હિબ્રુ લોકો માનતા હતા કે મધ્યપૂર્વ એશિયાના (દ્ગીટ્ઠ ઈટ્ઠજા) મૂળ વંશના લોકો નૂહમાં ત્રણ સંતાનોના કુળના છે. આરાબિયાના ફળદ્રુપ તથા રણભૂમિ વિસ્તારોમાં વસતા લોકો શેમથી ઊતરી આવેલા વંશજો છે. એટલે એમને સીમાઇટ કહેવામાં આવે છે. યાફેથમાંથી ઉત્તર અને પશ્ચિમના ઇન્ડોયુરોપના વંશો આવ્યા છે. અને છેલ્લા હામના વંશો મુખ્યત્વે આફ્રિકાના ઇજિપ્ત અને ઇથિઓપિયામાં વસ્યા છે. કાનાન દેશમાં આ ત્રણેય વંશો કે પ્રજાના લોકો વસે છે. હિબ્રુ લોકો સીમાઇટ પ્રજા છે. ફિલીસ્ટાઇ લોકો તો પશ્ચિમમાં ચઢી આવેલા યાફેથના વંશના છે અને કાનનની તળપદી પ્રજા કાનાનાઇટ લોકો તો હામનાં સંતાનો છે.

બાઇબલમાં અબાહામને ઇશ્વર પર શ્રદ્ધા રાખનાર સૌ લોકોના આધ્યપિતા ગણવામાં આવે છે તો નૂહને જળપ્રલય પછીની પ્રજાના સ્થાપક પિતા ગણવામાં આવે છે.

બધા પ્રકારના ભ્રષ્ટાચાર અને અનિષ્ટ વચ્ચે જીવનાર આપણા સૌ માટે સાધુપુરુષ જેવા અને ધર્મને માગેર્ ચાલનાર નૂહનો પત્ર પ્રેરણાત્મક છે